# ડિઝાઇન એન્જિનિયર

ડિઝાઈન એન્જિનિયર એ એક એવા ડિઝાઈનર છે જે વિવિધ એન્જિનિયરીંગ વિષયોમાં એન્જિનિયરીંગ ડિઝાઈનની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડિઝાઈન એન્જિનિયરો તેમના વિચારો, સંકલ્પનાઓને ચકાસવા માટે, ડિઝાઈન બનાવવા અને પ્રોટોટાઈપ વિકસાવવા માટે કમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમે કમ્પ્યુટર પર સારી રીતે કામ કરી શકો છો
- તમે સમૂહમાં કામ કરવા માટે સહજ છો
- વસ્તુઓ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં તમને આનંદ આવે છે



## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત).

૨. ડિઝાઈન એન્જિનિયરીંગ (B.Tech. / BE)માં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

ડિઝાઈન એન્જિનિયરીંગમાં સ્નાતક (B.Tech. / BE)ની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ ડિઝાઈન એન્જિનિયરીંગમાં અનુસ્નાતક (M.Tech. / ME)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ડિઝાઈન એન્જિનિયરીંગમાં સ્નાતક (B.Tech. / BE)ની ડિગ્રી પૂર્ણ કરો, પછી ડિઝાઈન એન્જિનિયરીંગમાં અનુસ્નાતક (M.Tech. / ME)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ એન્જિનિયરીંગ ડિઝાઈનમાં પી.જી. ડિપ્લોમા પૂર્ણ કરો. બી.ટેકમાં પ્રવેશ માટે તમારે JEE મેઈન ક્વોલિફાઈ કરવી આવશ્યક છે. IITમાં પ્રવેશ માટે JEE એડવાન્સ જરૂરી છે. અન્ય પ્રવેશ પરીક્ષાઓ આપી શકાય છે:

ICAR / GATE / AIEEA / MHT / CET / UPCATET / APEAMCET / CGPAT / SHIATS પ્રવેશ પરીક્ષા / CCS AHU પ્રવેશ પરીક્ષા / રાજસ્થાન JET / AGRICET વગેરે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૧૦,૦૦૦ થી ૮,૦૦,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડિઝાઈન એન્જિનિયરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૫,૦૦૦ થી ૮૪,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Design_Engineer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** થર્મલ પાવર, ગેસ ટર્બાઇન, કૃષિ ક્ષેત્ર, એર કન્ડીશનીંગ અને રેફ્રિજરેશન વગેરે ક્ષેત્રોમાં.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ડિઝાઈનર → ડિઝાઇન એન્જિનિયર → સિનિયર ડિઝાઇન એન્જિનિયર → લીડ ડિઝાઇન એન્જિનિયર → ટેકનિકલ મેનેજર → પ્રોજેક્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિઝાઇન એન્જિનિયર, પ્રોડક્ટ ડિઝાઈનર, એન્જિનિયરીંગ ડિઝાઇન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી. મદ્રાસ
૨. આઈ.આઈ.ટી. નવી દિલ્હી
૩. આઈ.આઈ.ટી. ખડગપુર, પશ્ચિમ બંગાળ
૪. આઈ.આઈ.ટી. સુરતકલ, મેંગલોર
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન, અમદાવાદ
૬. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, કોલ્લમ, કેરળ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઇન, મધ્ય પ્રદેશ
૮. કેરળ સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઇન, કોલ્લમ, કેરળ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૨. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૩. ડી. જે. એકેડમી ઓફ ડિઝાઇન, કોઈમ્બતુર
૪. હંસરાજ મહિલા મહાવિદ્યાલય, જલંધર
૫. ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, નવી દિલ્હી
૬. ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ ડિઝાઇન, કોલકાતા
૭. કલિંગા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજી, ઓડિશા
૮. ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઇન, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https:// nptel.ac.in/courses/107101087
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**રાજીવ ચંદ્રશેખર** કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્ય મંત્રી હોવાની સાથે સાથે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાના રાજ્ય મંત્રી છે. તેઓ એક ભારતીય રાજનેતા અને ઉદ્યોગસાહસિક, ટેક્નોક્રેટ છે અને કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરતા ભાજપ તરફથી રાજ્યસભામાં સંસદ સભ્ય તરીકેની સેવાનો આ તેમનો ત્રીજો કાર્યકાળ છે. ૧૯૮૬ થી ૧૯૯૧ દરમિયાન તેમણે ઇન્ટેલમાં સિનિયર ડિઝાઇન એન્જિનિયર અને ૮૦૪૮૬ અને પેન્ટિયમ માઇક્રોપ્રોસેસર્સ પર સી.પી.યુ. આર્કિટેક્ટ તરીકે કામ કર્યુ. તેમણે શિકાગોની ઇલિનોઇસ ઇન્સ્ટિટ્યુટમાંથી ૧૯૮૬માં કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું.*

સ્રોત: https://rajeev.in/about/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.